ધર્મ અમારો એક માત્ર એ 'સર્વધર્મ સેવા' કરવી, ધ્યેય અમારું છે માનવતા, વિશ્વમહી એને ભરવી...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૨૧ ૧૦ જુલાઈ, ૨૦૨૦, શુક્રવાર; અષાઢ વદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૮૬૧ |
| અમદાવાદ | ૧૬૨ |
| ગાંધીનગર | ૩૨ |

# કુખ્યાત ગેંગસ્ટર વિકાસ દુબે ઉજ્જૈનથી ઝડપાયો

**ગેંગસ્ટર વિકાસ દુબે સવારે ૯ વાગ્યે મહાકલ મંદિરે પહોંચ્યો હતો, તેણે ૨૫૦ની વીવીઆઈપી દર્શનની પહોંચ ફડાવી પ્રવેશ કર્યો, સૌથી પહેલા સિક્યોરિટ ગાર્ડે તેને ઓળખી કાઢ્યો, મધ્યપ્રદેશ પોલીસ ઉત્તરપ્રદેશ એસટીએફને સોંપશે, વિકાસ દુબે પર પાંચ લાખનું ઇનામ હતુ : મંદિરમાં બુમો પાડી- મૈં વિકાસ દુબે હું કાનપુરવાલે.. : પકડાયા બાદ પણ પોલીસ સાથે દાદાગીરી**





ઉજ્જૈન, તા. ૯ કાનપુર એક્રાઉન્ટરના મુખ્ય આરોપી વિકાસ દુબેની પોલીસે ધરપકડ કરી છે. વિકાસ દુબેની ગુરુવારે મધ્ય પ્રદેશના ઉજ્જૈનથી ધરપકડ કરવામાં આવી છે. પોલીસ ઘણા દિવસોથી આ કુખ્યાત આરોપીની શોધ કરી રહી હતી. મળતી માહિતી મુજબ, વિકાસ દુબે ઉજ્જૈનના મહાકાલ મંદિર જઈ રહ્યો હતો, ત્યારે તેની સુરક્ષા એક ગાર્ડ દ્વારા તેની ઓળખ થઈ. જે બાદ પોલીસને માહિતી આપવામાં આવતા પોલીસે તેને પકડી પાડ્યો હતો. કાનપુરના ચૌબેપુર પોલીસ સ્ટેશન વિસ્તારના બીકરુ ગામમાં કુખ્યાત ગુનેગાર વિકાસ દુબે અને તેના સાથીઓ સાથેની એક્રાઉન્ટરમાં ડીએસપી દેવેન્દ્ર મિશ્રા સહિત આઠ પોલીસ જવાન શહીદ થયા હતા. ત્યારબાદથી પોલીસ તેમની શોધમાં હતી. પોલીસ, જે સતત શોધ કરી રહી છે, તેઓએ કહેવું જોઈએ કે, આખો પોલીસ વિભાગ મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર વિકાસ દુબેને શોધવામાં લાગી ગયો હતો, ગઈકાલે ફરીદાબાદમાં વિકાસ દુબે હોવાનો દાવો કરાયો હતો. સીસીટીવી ફૂટેજમાં તેને ઓટોમાં જતા દર્શાવાયો હતો. નોઈડાના ફિલ્મ સિટીમાં વિકાસ દુબેના શરણાગતિ વિશે દિવસભર માહિતી ફરતી રહી હતી. આ માહિતી સાથે, ફિલ્મ સિટીની સવારે એક વિશાળ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. હવે ગુરુવારે તેની ઉજ્જૈનથી ધરપકડ કરવામાં આવી છે. વિકાસ દુબે ઉપર ૬૦ થી વધુ કેસ નોંધાયેલા છે, વિકાસ દુબે છેલ્લા ૭ દિવસથી ફરાર હતો, યુપી એસટીએફ અને પોલીસના લાખો પ્રયત્નો છતાં તે પોલીસના હાથથી દૂર હતો. વિક્રમ દુબે એ જ ગુનેગાર છે કે જેણે ૨૦૦૧ માં, રાજનાથ સિંહ સરકારમાં પ્રધાન સંતોષ શુક્લાની પોલીસ સ્ટેશનમાં ઘૂસીને હત્યા કરી હતી, હિસ્ટ્રી શીટર વિકાસ દુબે વિરુદ્ધ ૬૦ થી વધુ કેસ નોંધાયા છે અને હવે તેના માથે ઈનામની રકમ પણ વધારી દેવામાં આવી હતી, સમાચાર આપવા માટે પાંચ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરાયું હતું. આ પહેલા તેના ખૂબ જ નજીકના પ્રભાત મિશ્રા અને રણબીર શુક્લાને પોલીસે એક્રાઉન્ટરમાં ઢાળી કરી દીધા છે, પ્રભાત મિશ્રાની પોલીસે ફરીદાબાદની હોટલમાંથી ધરપકડ કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કરતી વખતે પોલીસે તેની ઉપર ફાયરિંગ કર્યું હતું. તે જ સમયે, વિકાસ દુબેનો અન્ય સાથી, રણવીર ઉર્ફે બામન, પણ ઈટાવામાં એક્રાઉન્ટરમાં માર્યો ગયો હતો, તેના પર ૫૦૦૦૦ નું ઈનામ પણ જાહેર કરાયું હતું.

## ૭ દિવસમાં વિકાસ દુબે ગેંગના ૫ બદમાશોનું એન્કાઉન્ટર

પોલીસે બુધવારે જ વિકાસના અંગત અમર દુબેનું પણ એક્રાઉન્ટ કરી દીધું હતું. અમર હમીરપુરમાં છુપાયો હતો. અત્યાર સુધી વિકાસ ગેંગના ૫ લોકો એક્રાઉન્ટરમાં ઠાર કરાયા છે. વિકાસની તપાસમાં યુપી સિવાય દિલ્હી, હરિયાણા અને રાજસ્થાન પોલીસને એલર્ટ આપવામાં આવ્યું છે. વિકાસ મંગળવારે ફરીદાબાદની એક હોટલમાં દેખાયો હતો, પરંતુ પોલીસ પહોંચે તે પહેલાં જ તે ભાગી ગયો હતો.

## ફરીદાબાદથી ઉજ્જૈન કઈ રીતે પહોંચ્યો

પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે કે આખરે આટલા દિવસ વીતી જવા છતા પણ વિકાસ દુબે વિશે ઉત્તર પ્રદેશને ભાળ કેમ ના મળી શકી. યૂપી પોલીસ વિકાસ દુબેનાં સાગરિતોને મારવામાં વ્યસ્ત રહી અને બીજી તરફ તે મધ્ય પ્રદેશનાં ઉજ્જૈનથી મળ્યો. અત્યારે સ્થાનિક પોલીસે તેને કસ્ટડીમાં લીધો છે. યૂપી પોલીસે પણ વિકાસ દુબેની ધરપકડ કરી છે. આ ઉપરાંત પ્રશ્ન એ પણ છે કે વિકાસ દુબે ફરીદાબાદથી ઉજ્જૈન કઈ રીતે પહોંચ્યો. આખરે કોણ વિકાસ દુબેની મદદ કરી રહ્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે વિકાસ દુબેએ મહાકાલેશ્વર મંદિરની ચિઠ્ઠી ફડાવી અને પછી પોતાને સરેન્ડર કર્યો.

## કાનપુર શૂટઆઉટ કેસમાં ઘટનાક્રમ...

**૨ જુલાઈ :** વિકાસ દુબેની ધરપકડ કરવા ૩ પોલીસ સ્ટેશનના પોલીસે બિકરુ ગામમાં દરોડા પાડ્યા, વિકાસની ગેંગે ૮ પોલીસકર્મીઓની હત્યા કરી દીધી.

**૩ જુલાઈ :** પોલીસે સવારે ૭ વાગે વિકાસના મામા પ્રેમપ્રકાશ પાંડે અને સહયોગી અતુલ દુબેનું એક્રાઉન્ટર કરી દીધું. ૨૦-૨૨ નામજોગ સહિત ૬૦ લોકો સામે ફરિયાદ નોંધી.

**૫ જુલાઈ :** પોલીસે વિકાસના નોકર અને ખાસ સહયોગી દયાશંકર ઉર્ફે કલ્લુ અગ્નિહોત્રીને ઘેરી લીધા. પોલીસની ગોળી વાગતા દયાશંકર ઘાયલ થયો. તેણે ખુલાસો કર્યો કે, વિકાસે પહેલેથી પ્લાનિંગ કરીને પોલીસકર્મીઓ પર હુમલો કર્યો હતો.

**૬ જુલાઈ :** પોલીસે અમરની મા ક્ષમા દુબે અને દયાશંકરની પત્ની રેખા સહિત ૩ની ધરપકડ કરી. શૂટઆઉટની ઘટના વખતે પોલીસે મદદ માટે ક્ષમા દેવીનો દરવાજો ખખડાવ્યો હતો, પરંતુ તેણે મદદ કરવાની જગ્યાએ બદમાશોને પોલીસનું લોકેશન જણાવી દીધું હતું. રેખાએ પણ બદમાશોની મદદ કરી હતી.

**૮ જુલાઈ :** STFએ વિકાસના ખાસ અમર દુબેને ઠાર કર્યો. પ્રભાત મિશ્રા સહિત ૧૦ આરોપીઓની ધરપકડ કરી.

**૯ જુલાઈ :** પ્રભાત મિશ્રા અને બઉઆ દુબે એક્રાઉન્ટરમાં ઠાર કરાયા.

**૯ જુલાઇ :** ગેંગસ્ટરની નાટ્યાત્મક ધરપકડ

ગાંધીનગરના વિસ્તરતા અને વિકસતા વિસ્તારમાં

આજની મંગલ પ્રભાતે શુભારંભ...

इंडियनऑयल

IndianOil

# સરબા પેટ્રોલિયમ

IOLC કંપનીના પેટ્રોલ પંપનો શુભારંભ

વાવોલ - પુંન્દ્રાસણ માર્ગ, તુલસી બંગ્લોઝની સામે, વાવોલ (ગાંધીનગર)

● તા. ૧૦ જુલાઈ ૨૦૨૦, શુક્રવાર ●

● સમય : સવારે ૯-૩૦ કલાકે ●

નિમંત્રક

વિજયસિંહ સરદારસિંહ ગોલ - ૭૯૮૪૬ ૭૩૯૫૪

વિક્રમસિંહ સરદારસિંહ ગોલ - ૮૧૪૧૨ ૨૨૨૪૯

તાહીરભાઈ રસુલભાઈ પરમાર - ૯૯૨૪૨ ૬૩૬૮૯

નોંધ : કોવિડ-૧૯ મહામારીને કારણે સરકારશ્રીના આદેશ મુજબ માસ્ક પહેરવું તથા સોશીયલ ડીસ્ટન્સ જાળવવા વિનંતી.